# ફાર્મ ટેકનોલોજી ટ્રેનીંગ સેન્ટર, આ.કૃ.યુ., નેનપુર દ્વારા “વિશ્વ જમીન માસ” ની ઉજવણીના ભાગ રૂપે એગ્રો ઈનપુટ ડીલરોને તાલીમ અપાઈ

ફાર્મ ટેકનોલોજી ટ્રેનીંગ સેન્ટર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નેનપુર ખાતે  તા. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ “વિશ્વ જમીન માસ” ની ઉજવણીના ભાગ રૂપે, માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ, એગ્રો ઈનપુટ ડીલરોની તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. સદર કાર્યક્રમમાં નડિયાદ અને મહેમદાવાદ તાલુકાના કુલ ૩૩ ઈનપુટ ડિલરો હાજર રહ્યા હતા.

ડૉ. ભરતભાઈ ઠક્કર, ઈ/ચા સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારી, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલીએ જમીનનું પૃથ્થકરણ, જમીન આરોગ્ય પત્રક, ખાતર અને જંતુનાશક દવા ખરીદવા આવતા ખેડૂતોને જમીનના આરોગ્ય અને પાકના આરોગ્ય માટે રાખવાની કાળજી, દવા છાંટનાર ખેડૂતોએ ધ્યાનમાં રાખવાની બાબતો વિષે તથા કાળજી રાખવા માટે જરૂરી સલાહ આપવા માટે માહિતી આપેલ હતી.

સદર કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન ડૉ. ભરતભાઈ ઠક્કર અને ડૉ. તારક પટેલ દ્વારા કરવામાં આવેલ હતું.

